# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# POLIO ROUND UP FOR NOON

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘બાળ લકવા નાબૂદી અભિયાન-૨૦૨૪’ અન્વયે નેશનલ ઇમ્યુનાઈઝેશન ડે અંતર્ગત રાજ્યવ્યાપી પોલિયો વિરોધી રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાન અંતર્ગત  શૂન્યથી ૫ વર્ષની વય જૂથના ૮૩ લાખ ૭૨ હજારથી વધુ ભૂલકાઓને આવરી લેવાનું આયોજન છે. મુખ્યમંત્રીએ મંત્રી નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટરમાં ભૂલકાઓને પોલિયો રસીના ટીપાં પીવડાવી આ અભિયાનનો પ્રતિકાત્મક પ્રારંભ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસીય અભિયાનમાં ઘરે ઘરે જઈને પણ પોલિયોની રસી આપવામાં આવશે. આ અભિયાન અંગે વધુ માહિતી આપતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મુખ્ય સચિવે આ મુજબ જણાવ્યું,

## (બાઇટ- નયન જાની, અધિક મુખ્ય સચિવ)

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે ભાવનગરના આખલોલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પલ્સ પોલિયો અભિયાનમાં કેન્દ્ર સરકારમાં રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રીમતી નીમુબેન બાંભણીયા અને ગુજરાત રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી તેમજ ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા સહભાગી થયા હતા.

તો મહેસાણાના પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે  વિજાપુર ખાતે પોલિયોની રસી અંતર્ગત જનજાગૃતિ અભિયાન રેલી પણ યોજાઈ હતી.

આજથી શરૂ થયેલા રાજ્ય વ્યાપી પોલિયો અભિયાન અંતર્ગત તાપી જિલ્લામાં રસીકરણની પ્રક્રિયા શરૂ થઈ છે. ત્રણ દિવસીય આ અભિયાનમાં જિલ્લાનાં અંદાજે 56 હજાર બાળકોને રસી આપવામાં આવશે. અમારા પ્રતિનિધિ નિરવ કંસારાના જણાવ્યા અનુસાર મહુવા બેઠકના ધારાસભ્ય મોહન ઢોળીયાએ આજે બાળકોને પોલિયોના ડોઝ પીવડાવીને રસીકરણની શરૂઆત કરી હતી.

આ તરફ સુરેન્દ્રનગર જિલ્લામાં 2 લાખ, 16 હજારથી વધુ બાળકોનું રસીકરણ થશે. સુરેન્દ્રનગર જિલ્લામાં 858 જેટલા પોલિયો બૂથ ઉભા કરાયા છે. અમારા સંવાદદાતા દિનેશ પરમાર જણાવે છે કે 1716 જેટલી આરોગ્ય ટીમો ઘર ઘર જઈને બાળકોને રસી પીવડાવશે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ  રમેશ સોલંકી જણાવે છે કે પોલિયો રસીકારણ કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા આરોગ્ય અધિકારી સહિત આરોગ્ય કર્મીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં 930 બુથ દ્વારા રસી આપવામાં આવી રહી છે.

................................

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર  ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે.

દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર તેમના વિચારો અને સૂચનો 28 મી તારીખ સુધીમાં નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા મોકલી શકશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી મન કી બાતના હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું જીવંત પ્રસારણ કરશે.

-----------------

## GUJARAT WEATHER

રાજ્યના અનેક ભાગોમાં ગરમીથી રાહત મળી છે. નૈઋત્યનું ચોમાસું આખરે રાજ્યમાં પ્રવેશી ચૂક્યું છે. જેને કારણે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક ભાગોમાં ગત મોડી રાતથી વરસાદ વરસી રહ્યો છે.

દરમિયાન હવામાન વિભાગે આજથી આગામી સાત દિવસ સુધી રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે.

આજથી શરૂ કરીને સાત દિવસ સુધી ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગરમાં હળવો વરસાદ વરસી શકે છે. જ્યારે કે દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારેથી હળવા વરસાદની શક્યતા છે. તો સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ તેમજ કચ્છમાં હળવો વરસાદ વરસી શકે છે.

દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ચુડા ગામ પાસે આવેલો વાંસલ ડેમ ૧૦૦ ટકા ભરાઇ ગયો છે. જેથી ડેમના નીચાણવાળા વિસ્તારોમાં આવતા ચુડા અને ગોખરવાડા ગામના લોકોને સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે.

-------------